# મોડાસામાં વરસાદી પાણી ભરાતા મચ્છરજન્ય રોગચાળો વકરવાની ભીતિ

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લામાં વરસાદ આવતો ન હતો ત્યારે ખેડૂતો, આમ આદમી અને અને સરકારી અમલદારો પણ વરસાદની રાહ જોઈ રહ્યા હતા. પરંતુ મેઘરાજાએ અરવલ્લી જિલ્લામાં અને મોડાસા શહેરમાં સતત ૫ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદ ખાબકતા વરસાદથી જિલ્લામાં અને મોડાસા શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા હોવાથી મચ્છરોની પ્રકૃતિ પ્રમાણે વરસાદ પડ્યાના ૧૦ થી ૧૫ દિવસમાં ઈંડામાંથી પોરો અને મચ્છર બની જીવલેણ રોગચાળો ફેલાવવા માટે સક્ષમ બની જતા હોવાથી અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં મેલેરિયા અને ડેન્ગ્યુના કેસો વકરવાની ભીતી સેવાઈ રહી છે.



મોડાસા આરોગ્ય તંત્ર રોગચાળા સામે આગોતરૂ આયોજન કરી તંત્રએ સર્વેની હાથ ધરી દવા છંટકાવવાની તૈયારીઓ આદરી છે.

અરવલ્લી જિલ્લા અને મોડાસા શહેરમાં મેઘરાજાએ બીજા રાઉન્ડમાં ધમાકેદાર એન્ટ્રી કરવાની સાથે સતત પાંચ દિવસ સુધી વરસાદ ખાબકતાં મોડાસા શહેરના અનેક નિચાણવાળા માર્ગો પર વરસાદી પાણી ભરાતાં મચ્છરજન્ય રોગચાળો ફાટી નિકળવાની દહેશત શહેરમાં દસ્તક લઈ રહી છે ત્યારે આગામી સમયમાં જિલ્લામાં અને મોડાસા શહેરમાં મચ્છરજન્ય રોગના દર્દીઓમાં વધારો થવાની દહેશતને ધ્યાનમાં રાખીને મોડાસા શહેરમાં આરોગ્યવિભાગની ટીમ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ છે. મોડાસા આરોગ્યતંત્રએ નગરજનોમાં સાવચેતીના પગલારૂપે જાગૃતિ લાવી મચ્છરોની ઉત્પત્તિના સ્થાનોનો નાશ કરવા, પાણીથી ભરાઈ રહેલા ખાબોચીયા પુરી દેવા, એ.સી., એરકુલર અને ફ્રીજમાં ભરાતા પાણી દૂર કરી જરૂરી સાફ સફાઈ હાથ ધરવા જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતુ.

(તસવીર : જય અમીન)

## અણિયોડમાં ૧૦ દિવસથી વીજ પુરવઠો બંધ : પીવાના પાણીનો વિકટ પ્રશ્ન

તલોદ તાલુકાના અણિયોડ ગામ નજીક તાજેતરમાં તોફાની પવનો સાથે થયેલા વરસાદમાં વીજ તાર તુટી પડ્યા હતા. જેથી વીજ કંપનીએ વીજ પુરવઠો બંધ કરી દીધો છે. ૧૦ દિવસથી વીજ પુરવઠો બંધ હોવાથી વીજ કંપનીને અનેક રજુઆતો કરાઈ છે. છતાં મરામત કામ હાથ ધરાતુ નથી. જેથી ગામમાં પશુઓ અને માણસો માટે પીવાના પાણીની વિકટ સ્થિતિ ઉભી થઈ છે. ઉપરાંત ખેતી વિષયક વીજ જોડાણો પણ બંધ થઈ જતા ખેતી પણ સુકાઈ ગઈ છે. જેથી સત્વરે કામગીરી હાથ ધરવા તાલુકા પંચાયત સદસ્યે વીજ કંપનીમાં લેખિત રજુઆત કરી છે.

# બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારની બનાસ ડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળે મુલાકાત લીધી

બનાસકાંઠા, તા. ૩

બનાસકાંઠા જિલ્લાના





દિયોદર, ભાભર, સુઈગામ, વાવ, થરાદ, ડીસા, ધાનેરા તાલુકામાં અતિભારે વરસાદથી ખુબજ મોટી તારાજી સર્જાઈ છે. જિલ્લાના ઘણા ગામોમાં હજુ સુધી પાણી યથાવત છે તો કેટલાક ગામોમાં લોકો ફુડપેકેટ પર નિર્ભર છે. આવી વિકટ પરિસ્થિતિમાં ખેડૂતો અને પશુપાલકોની સંસ્થા એવી બનાસડેરીએ અસરગ્રસ્ત વિસ્તારોમાં સુખડી, નમકીન, બિસ્કીટના બે લાખ પેકેટ અને પાણીના એક લાખ પચાસ હજાર પાઉચનું બનાસડેરીના સ્ટાફ અને સરકારશ્રીના સંકલનથી વિતરણ કરવામાં આવ્યું છે.

બનાસડેરીના ચેરમેન પરથીભાઈ ભટોળએ દિયોદર, ભાભર, સુઈગામ, વાવ, થરાદ, ડીસા, ધાનેરા તાલુકાના પુરગ્રસ્ત ગામોની સંઘના અધિકારીઓ સાથે મુલાકાત લીધી હતી. તેમજ બનાસડેરીના ૧૫૦ પશુ ડોક્ટર અને ૧૨૫ જેટલા ફિલ્ડ સ્ટાફના અધિકારીઓ રાહત કામગીરીમાં સરકારી અધિકારીઓ સાથે ખભેખભા મિલાવી કામગીરી કરી રહ્યા છે.

# બનાસકાંઠાના પુરગ્રસ્તોની વ્હારે અરવલ્લી જિલ્લા વહીવટી તંત્ર

## ૧૦,૦૦૦ હજાર જેટલા ફુડપેકેટને કલેકટરે લીલી ઝંડી આપી રવાના કર્યા

મોડાસા, તા.૩

૧૦ દિવસ પહેલા સમગ્ર ગુજરાત રાજયમાં મેઘરાજાએ કહેર વરસાવ્યો હતો અને મન





મુકીને વરસ્યા હતા. ત્યારે બનાસકાંઠા જીલ્લામાં પણ મેઘરાજા મન મુકીને વરસ્યા હતા અને આભ ફાટયુ હોઈ તેવી પરિસ્થિતીનું નિર્માણ થવા પામ્યુ હતુ.

વરસાદને લઈને બનાસકાંઠા જીલ્લાના કેટલાય તાલુકાઓ અને ગામા સંપર્ક વિહોણા બની ગયા છે. તંત્ર ધ્વારા વરસાદે સર્જેલી તબાહીને પહોંચી વળવા માટે તેમજ પુરના લીધે અસર પામેલ વિસ્તારના લોકોને મદદ કરવા માટે ભારે જહેમત ઉઠાવી છે. બનાસકાંઠા જીલ્લાના કેટલાય ગામોમાં હજુ વીજ પરવઠો ખોરવાયેલો છે અને કેટલાય વિસ્તારો હજુ પાણીમાં ગરકાવ છે. ત્યારે વરસાદની તબાહીને કારણે અસર પામેલા અસરગ્રસ્તોને સમગ્ર ગુજરાત રાજયમાંથી તંત્ર અન સેવાભાવી લોકો ધ્વારા સહાય કરવામાં આવી રહી છે. ત્યારે અરવલ્લી જીલ્લા કલેકટર કચેરી ખાતેથી અરવલ્લી જીલ્લા કલેકટર એસ. છાકછુઆકના અને નાયબ કલેકટર શાંમળભાઈની રાહબરી હેઠળ બનાસકાંઠા જીલ્લાના અસરગ્રસ્તો માટે દસ હજાર જેટલા ફુડ પેકેટસ અરવલ્લી જીલ્લા કલેકટરે લીલી ઝંડી આપી રવાના કર્યા હતા.

# મોડાસાના તત્ત્વજ્ઞાન મંદિરના નૂતન ભવનનો પ્રવેશ કાર્યક્રમ યોજાયો

અરવલ્લીના મોડાસા વિધ્યાનગરી તરીકે પ્રસિદ્ધ થયેલ ચાર દાયકાથી સંસ્કૃતિ શોધ સ્વાધ્યાય માટે સિક્રય ભારતીય તત્વજ્ઞાન મંદિરે તેના



(તસવીર : સમીર બલોચ)

નુતન ભવનમાં પ્રવેશ કર્યોહતો.

નવીન નિમાયેલ અરવલ્લી જીલ્લાના મુખ્ય મથક એવા મોડાસા શહેરમાં ભારતીય તત્વજ્ઞાન મંદરના નવીન ભવનનું પ્રવેશ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અધ્યક્ષ પદે વૈષ્ણવ સમ્પ્રદાયના પુજય ૧૦૮ ગો.શ્રી.વગીશ કુમારજી અને ઉદ્ઘાટક તરીકે રાજયના શિક્ષણ સચિવ ડાયરેકટર અને સોનાથ સંસ્કૃત યુનિવર્સીટીના પ્રોફેસર અર્કનાથ ચૌધરી ઉપસ્થિત રહયા હતા. સાથે - સાથે ડૉ. અરુણભાઈ શાહ તથા કનુભાઈ ખાંટ અને તેના સાથી મિત્ર પંડયા સાહેબ શિક્ષણ અધિકારી એપી ઝાલા ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં દીપ પ્રાગટય કરી મંચસ્થ ઉપસ્થિત મહેમાનોનું તથા આ સંસ્થાને દાન આપનાર દાતાઓનું અને ફુલ છડી તથા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતુ. ભારતીય તત્વજ્ઞાન મંદર મોડાસા દ્વારા સંસ્કૃતિ શોધ માટે થઈ રહેલી કામગીરી ને બિરદાવી સમગ્ર ટીમને પ્રોત્સાહન કરવામાં આવી હતી.

# અરવલ્લીમાં દીકરી દિવસ ઉજવાયો

મોડાસા, તા. ૩

મહિલા સશક્તિકરણ પખવાડીયું ઉજવણી અંતર્ગત બીજી ઓગષ્ટ ૨૦૧૫ના રોજ દીકરી દિવસની ઉજવણીના ભાગ રૂપે અરવલ્લી જિલ્લા પંચાયત આયોજીત અને તાલુકા હેલ્થ કચેરી મોડાસા તથા મેઘરજના સંયુક્ત ઉપક્રમે મોડાસા ખાતે આવેલ વલ્લભ સદન હોલમાં બેટી બચાવો બેટી પઢાવો વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં જજ શ્રી ઋચીતભાઈ ત્રિવેદી, મણીબેન ચૌહાણ, પીસીપીએનડીટી ચેરમેનશ્રી ભાવનાબેન વણકર, નિલેષભાઈ જોષી, ડૉ. પી.પી. પરીખ, તાલુકા આરોગ્ય અધિકારી મેઘરજ, આઈ.એમ. એ પ્રમુખ તથા ખાનગી હોસ્પિટલનો ડૉક્ટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ અંતર્ગત ડૉ. યજ્ઞેશ



નાયક દ્વારા કાર્યક્રમની રૂપરેખા સમજાવી વર્કશોપ શરૂ કરવામાં આવ્યો હતો. પંડ્યાભાઈ દ્વારા દીકરીઓનું સામાજિક મહત્વ વિશે વિસ્તૃત પ્રવચન આપવામાં આવ્યું હતું. જ્યારે ઋચીતભાઈ દ્વારા મહિલાઓના કાયદા વિશે સમજ આપી વર્કશોપમાં હાજર તમામને ભ્રૂણહત્યા ન કરવા શપથ લેવડાવવામાં આવ્યા હતા.

(તસવીર : સમીર બલોચ)

# વિજાપુરના પીલવઈ ખાતે જિલ્લાનો વન મહોત્સવ ઉજવાયો

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લાનો ૬૬મો વન મહોત્સવ વિજાપુર તાલુકાના પીલવઈ ગામે યોજાયો હતો. વિજાપુર તાલુકાના પીલવઈ ગામે



કોલેજ કેમ્પસમાં આનંદીવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મહેસાણા જિલ્લા સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. રાજ્યમાં ૧૯૫૦થી કનૈયાલાલ મુનશી દ્વારા વન મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી.

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પીલવઈમાં મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે અભ્યાસ કર્યો છે. જે અન્વયે વનવિભાગ દ્વારા વન મહોત્સવમાં આનંદીવનનું લોકાર્પણ કરાયું હતું. વનમહોત્સવમાં ચૌદ પ્રકારના વિવિધ વનોમાં દસ હજાર રોપાઓનું વાવેતર કરેલ છે. જેમાં ઉત્તર ગુજરાતની તમામ જંગલી વનસ્પતિઓ આર્બોટમની ૨૬૦ જાતો, આરોગ્ય વન, ત્રિફળા વન, દેશી ફળોની જાતોનું વન સહિત વિવિધ દુર્લભ અને નામશેષ થઈ રહેલ વનસ્પતિનું વાવેતર કરવામાં આવ્યું હતું.

સમગ્ર જિલ્લામાં ટ્રક દ્વારા વનના રોપાઓનું વિતરણ કરવાના ટ્રકને લીલી ઝંડી પ્રભારી સચિવ અને મહાનુભાવોએ આપી હતી. વન વિભાગ દ્વારા ગામના સરપંચોને ૫૦૦ અને આચાર્યને ૧૦૦



રોપાઓનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવશે અને અન્ય લોકોને ટોકન ચાર્જથી રોપાનું વિતરણ કરાશે.

મહેસાણા જિલ્લાના આઠ ગામોને વન ઉપજના ૪૫ લાખના ચેકો ગામના સરપંચશ્રીઓને અર્પણ કરાયા હતા. મહેસાણા જિલ્લાના ઉબલખ ગામના સરપંચને વનઉપજનો ચેક મુખ્યમંત્રીશ્રીએ વાસંદા ખાતે અર્પણ કર્યો હતો.

મહેસાણા જિલ્લામાં પ્રકૃતિ સાથે સંકળાયેલ અને પર્યાવરણનું જતન કરી સારી કામગીરી કરનાર લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રકૃતિ મંડળના વિજયભાઈ અને ગણપત કોલેજના અધ્યાપક વનપ્રેમી અશ્વિનભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વનસંરક્ષકશ્રી સંજય શ્રીવાસ્તવે વન વિભાગની માહિતી આપતાં જણાવ્યું હતું કે જિલ્લા કક્ષાના વન મહોત્સવ બાદ તાલુકા કક્ષાના ૧૦ અને ગ્રામ્યકક્ષાના ૧૫૪ વન મહોત્સવ યોજવામાં આવનાર છે. મહેસાણા જિલ્લામાં વર્ષ ૨૦૦૪ માં ૨.૨૮ કરોડ વૃક્ષો અને ગીચતા ૫૨ હતી. જે ૨૦૧૨માં વૃક્ષોની ગીચતા વધીને ૨.૩૬ કરોડ અને હેક્ટર દીઠ ૫૫ થઈ છે. આ ઉપરાંત ભાવનગર બાદ રાજ્યમાં વૃક્ષોની ગીચતામાં મહેસાણા જિલ્લાએ બીજા નંબરે સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

૬૬મા વન મહોત્સવમાં કાર્યક્રમમાં જિલ્લા વનસંરક્ષક ડૉ. ટી. તરૂપાસ્વામી, સરકારી વકીલ ચંદનસિંગ રાજપૂત, ઈસરોના નિવૃત્ત વૈજ્ઞાનિક હરિકૃષ્ણ પંચાલ, જિલ્લા વન વિભાગના અધિકારીઓ જિલ્લા અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહિલા સશકિતકરણ અંતર્ગત કોલેજમાં કાર્યક્રમ યોજાયો





ખેડબ્રહ્મા, તા.૩

ખેડબ્રહ્માની ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ ખાતે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના સહયોગથી ૧૮૧ અભયમ્ મહિલા હેલ્પ લાઈન અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખેડબ્રહ્મા પી.એસ.આઈ. એલ.પી. બોડાણા, ૧૮૧ હેલ્પ લાઈનના કાઉન્સેલર બિજલ પટેલ અને કરાટે ટ્રેનર જુજારસિંહે ઉપસ્થિત રહી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન વિશે વિસ્તૃત માહિતી તેમજ સ્ત્રી સશકિતકરણ વિશે પુરતી સમજણ આપેલી અને કોલેજની વિદ્યાર્થીનીઓ માટે કરાટે કલાસ ખુલ્લો મુકવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ એન.ડી. પટેલ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન નિશાબેન તાજપુરીયાએ કર્યું હતું.

(તસવીર : રમેશ વૈષ્ણવ)

# પુરગ્રસ્ત વિસ્તારમાં મહેસાણા વહીવટીતંત્ર અને પ્રજાજનો દ્વારા બે લાખ ફુડ પેકેટ્સનું વિતરણ

મહેસાણા, ૩

ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદના કારણે અનેક તાલુકાઓમાં આપત્તિ ઉભી થઈ હતી જેમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લા મુખ્ય હતા. આ જિલ્લાઓમાં કેટલાક ગામોમાં વરસાદના કારણે ભારે તારાજી સર્જાઈ હતી. આ સંજોગોમાં મહેસાણા





જિલ્લામાં વિવિધ સંગઠ્નો દ્વારા સહાય આપવા વરસતા વરસાદમાં જે યુદ્ધના ધોરણે પગલા લેવામાં આવ્યા અને મહાજન, પ્રજાજન અને પ્રશાસનના ત્રિવેણી સંગમ દ્વારા એક સુંદર સેવાકીય કાર્ય સંપન્ન થયું હતું.

જિલ્લા પ્રશાસન દ્વારા પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ગામોમાં ફૂડ પેકેટ બનાવી મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો ત્યારે સમગ્ર મહેસાણા શહેર અને તેની ચારે બાજુ ભારે વરસાદના કારણે પાણી ભરાયેલ હતા અને વરસાદ વરસી રહ્યો હતો. આ સંજોગોમાં રાત્રે ૧૧.૪૦ વાગ્યા હતા અને કરિયાણાની દુકાનો અને રસોઈ બનાવનાર રસોઈઆઓનો કાર્યકરો દ્વારા ટેલીફોનથી સંપર્ક કરવામાં આવ્યો અને તેમાં જિલ્લા પ્રશાસનના કર્મીઓ પણ સાથે રહ્યા હતા. અને સૌના આશ્ચર્ય વચ્ચે વિવિધ દુકાનદારો અને સ્ટોકિસ્ટોએ સહકાર આપી જરૂરી તમામ સાધન સામગ્રી મોકલી હતી.

હવે વાત આવી મેન પાવરની એટલે કે રસોઈ બનાવનાર ટીમોની તો જે કોઈ મીત્રો આ કામગીરી સાથે સંકળાયેલ હતા તેઓ તેમના સ્ટાફ સાથે હાજર થઈ ગયા અને મધરાતથી શહેરમાં આવેલ તોરણવાળી માતાના મંદિરમાં અસરગ્રસ્તો માટે ફૂડ પેકેટો બનાવવાની કામગીરીની શરૂઆત કરવામાં આવી અને વરસતા વરસાદમાં પુરી, શાક, ફુલવડી અને સુખડીના ૪૫૦૦ પેકેટો બનાવવામાં આવ્યા અને તેનું સવારે વિતરણ કરવામાં આવ્યું આ પ્રસંગે જિલ્લા કલેક્ટર શ્રી લોચન સેહરા, અધિક કલેક્ટર શ્રી રમેશ મેરજા અને અન્ય અધિકારીઓએ રૂબરૂ મુલાકાત લઈને સર્વે કાર્યકરોની કામગીરીને બિરદાવી અને રાહત કામગીરીને પ્રસ્થાન કરાવ્યું.

# મોડાસામાં બેટી બચાવો બેટી પઢાઓ વર્કશોપ યોજાયો



મોડાસા તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા રવિવારે દીકરી દિવસની ઉજવણી કરાઈ હતી. મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીના પ્રારંભે યોજાયેલી બેટીબચાવો બેટી પઢાવો વર્કશોપમાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી. મોડાસા આરોગ્ય વિભાગના બ્લોક હેલ્થ ઓફીસર ડૉ. નાયકના માર્ગદર્શન હેઠળ મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી અંતર્ગત મોડાસા શહેરના વલ્લભસદન હોલમાં દીકરી દિવસની ઉજવણી હાથ ધરી બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ ભાવનાબેન વણકર, પીસીએનડીટીના ચેરમેન મરીનાબેન ચૌહાણ, પ્રોગ્રામ ઓફિસર મનિષાબહેન બ્રહ્મભટ્ટ, જાણીતા શિક્ષણવિદ જયેન્દ્રભાઈ પંડ્યા, મોડાસા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમાર, જીવદયા પ્રમી નિલેષભાઈ જોષી સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત સમાજમાં દીકરીઓનું મહત્વ, ભૂમિકા અને નારી શસક્તિકરણ, મહિલાઓને આદર જેવા અનેક મહત્વ ઉપસ્થિત મહિલાઓને સમજાવી ભારપૂર્વક ભ્રૂણહત્યા રોકવા મહિલાઓને જ આગળ આવવા આહ્વાન કર્યું હતું.

# મહેસાણામાં ગુનાખોરીનું પ્રમાણ વધ્યુ : પોલીસ નિષ્ક્રિય

મહેસાણા, તા. ૩

મહેસાણા જિલ્લમાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ દિન પ્રતિદિન વધી રહ્યું હોઈ લોકોમાં ભય સાથે ચિંતાની લાગણી પ્રસરી છે.

મહેસાણા તાલુકાના મોદીપુર ગામે આવેલ સુપ્રસિદ્ધ શ્રી અન્નપૂર્ણા માતાજીના મંદિરમાં તસ્કરોએ ત્રાટકી મંદિરમાંથી ચાંદીના દાગીના તેમજ દાનપેટીની ઉઠાંતરી કરી હતી. ચોરાયેલા દાન પેટી તુટેલી હાલતમાં નજીકના ખેતરમાંથી પોલીસ તપાસ દરમિયાન મળી આવી હતી. મંદિરમાંથી અંદાજે સાડાચાર લાખની મત્તાની ચોરી થઈ હતી.

ચોરીનો બીજો કિસ્સો મહેસાણા શહેરમાં બન્યો હતો. શહેરના રાજવી એપાર્ટમેન્ટમાં રહેતા ડૉલરરાય દવેના બંધ મકાનમાંથી રાતના સમયે કોઈ તસ્કરો અંદરથી સોળ તોલા વજનના સોનાના દાગીનાઓની ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હતા. આમ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી નાની-મોટી ઘરફોડ ચોરીઓ, વાહન ચોરીઓ, મંદિર ચોરીઓના બનાવો દિનપ્રતિદિન વધી રહ્યા હોઈ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે ગઈ છે. જિલ્લામાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સુધારવા માટે સંબંધિત ઉચ્ચ પોલીસ અધિકારીઓએ જિલ્લાના પોલીસતંત્રમાં ખાલી પડેલ ડી.વાય.એસ.પી., પોલીસ ઈન્સ્પેક્ટરોની જગ્યાઓ સત્વરે ભરવી જરૂરી બન્યું છે. આ ઉપરાંત વર્ષોથી જિલ્લામાં ચીટકી રહેલા કેટલાક પોલીસ અધિકારીઓની અન્યત્ર બદલી કરવી જોઈએ તેવું પ્રજામાં બોલાય છે.

## વડાલીના ભાલમશા તળાવનો વેસ્ટવિયર ધોવાયો

હિંમતનગર, તા. ૩

વડાલી તાલુકામાં તાજેતરમાં ૧૫ ઈંચથી વધુ વરસાદ થવાને કારણે નદી, નાળા અને તળાવો છલકાઈ ગયા છે ત્યારે વડાલીના પૂર્વ વિસ્તારમાં આવેલ ભાલમશા તળાવ પર બનાવાયેલો વેસ્ટવિયર વરસાદી પાણીના વધુ વહેણને કારણે ધોવાઈ ગયો છે. તેથી જો આ વેસ્ટવિયરનું સત્વરે સમારકામ કરવામાં નહિ આવે તો વડાલીમાં વરસાદી પાણી ઘુસી જવાની શક્યતા છે.

આ અંગેની વિગત એવી છે કે વડાલી તાલુકાના પશ્ચિમ પટ્ટામાં આવેલ ભાલમશા તળાવમાં થોડા સમય અગાઉ પડેલા ભારે વરસાદને કારણે પાણીથી છલકાઈ ગયું હતું. ત્યારબાદ પણ સતત વરસાદ ચાલુ રહેવાને કારણે ચામુંડા મંદિર તરફ આવેલ વેસ્ટવિયર ધોવાઈ ગયો છે. જેના કારણે થુરાવાસ માર્ગનો સંપર્ક તુટી ગયો હતો. જેના કારણે વડાલીમાં રહેતા લોકો પર નવી આફતના ઓરા ઉતરે તેવી શક્યતા છે. જો આગામી દિવસોમાં આ વેસ્ટવિયરનું સત્વરે સમારકામ કરવામાં નહિ આવે તો તળાવનું પાણી વડાલીમાં ઘુસી જવાની શક્યતા છે. જેથી શહેરીજનોએ સત્વરે વેસ્ટવિયરનું સમારકામ કરવાની માંગ કરી છે.